FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

This Question Paper consists of 13 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 13 પ્રશ્નો અને 8 મુદ્રિત પાનાં છે.

**Roll No.** / **અનુક્રમાંક** | | | | | | | | | | | |

**Code No. 55/SS/O/G**
**કોડ સં.**

**SET / સેટ – A**

# GUJARATI
# ગુજરાતી
# (307)

**Day and Date of Examination** ____________________
**(પરીક્ષાનો દિવસ અને તારીખ)**

**Signature of Invigilators** 1. ____________________
**(નિરીક્ષકોના હસ્તાક્ષર)**
2. ____________________

**સામાન્ય સૂચના :**

1 વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2 પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલા કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમાવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3 ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

4 પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **55/SS/O/G-A** લખવી.



www.FirstRanker.com

# GUJARATI
# ગુજરાતી
# (307)

Time : 3 Hours ] [ Maximum Marks : 100

**સમય : 3 કલાક ]** [ **અધિકતમ ગુણ : 100**

**નોંધ :** (i) આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગ છે.
(ii) ચારેય વિભાગમાંથી સૂચના પ્રમાણે ઉત્તર આપો.
(iii) પ્રશ્નની સામે દર્શાવેલ અંક ગુણભાર સૂચવે છે.

**વિભાગ - 1**

**1** નીચેના કાવ્યનું રસાસ્વાદન કરાવો : **4**

મુજ અબળાને મોટી મિરાત બાઈ, શામળો ઘરેણું મારે સા
વાળી ઘડાવું વિઠ્ઠલ કેરી, હાર હરિનો મારે હૈયે રે....
ચિતમાળા ચતુરામુજ ચૂડલો શીદ સોની ઘેર જઈએ રે....મુજ....
ઝાંઝરીયા જગજીવન કેરાં, કૃષ્ણજી કલ્લાં તે કાંબી રે
વીછુવા ઘૂઘરા રામનારાયણના અણવટ અંતરજામી રે....મુજ....
પેટી ઘડાવું પુરુષોત્તમ કેરી, ત્રિકમ નામનું તાળું રે
કૂંચી કરાવું કરુણાનંદ કેરી, તેમાં ઘરેણું મારું ઘાલું રે....મુજ....
સાસરવાસો સજીને બેઠી, હવે નથી કાંઈ કાચું રે,
(બાઈ) મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર, હરિને ચરણે જાચું રે....મુજ....

**અથવા**

ખખડ થતી ને ખોડગાતી જતી ડમણી જૂની,
વિજન પથને ચીલે ચાલે તમિસ્ર મહી ઘન,
સ્વપ્ન મધુરી નિદ્રાનું તે દગો મહીં અંજન
ભરતી, ઘૂઘરી ધોરી કેરી મીઠા રણકારથી
ચરમ પ્રહરે ઠંડી ધીમા સમીર મહીં ભળી,
સ્મૃતિ દુઃખ મને વ્યાપે તેવી બધે પ્રસરી રહી,
લઘુક દીવડે સૂતી સીમા બધી બનતી લહી
સજગ, તમ-ને ઓઢી પાછું જતી પડખું ફરી.
પથ-તરુ તણા નીડે પંખી કયહીં ફરકે અને
કદીક અથવા તારો કોઈ ખરે, બસ એટલું
કળિત બનતું, ત્યાંય ઊંડા મને કરણો સહું
કણકણની આ માટી કેરી કથા નીરખી રહે
જનમ-સ્થલની ઝાંખી આયુષ્યની અવધે કરું,
ભર્યું જવ હતું તેની યાદે સૂને ઘર સંચરું.

**2** નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ **બે** પ્રશ્નોના જવાબ આપો : **4**

(i) મંગલમ્ કવિતાનો મુખ્ય ભાવ શું છે ?

(ii) 'શામળો ઘરેણું' પદમાં કયાં-કયાં ઘરેણાંની વાત કરવામાં આવી છે ? અને આ ઘરેણાંને કૃષ્ણનાં કયાં-કયાં નામો સાથે જોડ્યાં છે ?

(iii) 'મામેરું'માં દામોદર દોશી પોતાની સાથે લક્ષ્મીજીને કમળા શેઠાણી રૂપે શા માટે લાવ્યા ?

(iv) 'ઘરભણી' કવિતામાં કવિ 'કણકણની આ માટી કેરી કથા' - એટલે કોની કથા કહે છે ?

**3** નીચેનામાંથી કોઈ **બે** પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો : **2**

(i) મીરાંબાઈ કોને પોતાનો હાર ગણાવે છે ? શા માટે ? અને શ્રી કૃષ્ણનું નામ શામળો કેવી રીતે પડ્યું ?

(ii) વસ્ત્રગાંઠડીઓ તો ગરુડે ઊંચકી છે. પછી દામોદર દોશી રથ લઈને શા માટે આવ્યા છે ?

(iii) ધરા કેવા પ્રકારના ધોધને ઝીલે છે ? તેને અમોઘ કેમ કહ્યો છે ?

(iv) 'ઘરભણી' કવિતામાં બળદની ઘૂઘરી મીઠા રણકારાથી આંખોમાં મીઠી ઊંઘનું સપનું શી રીતે આંજી શકે છે ?

**4** નીચેનામાંથી ગમે તે **બે** પ્રશ્નોના ઉત્તર આપો : **8**

(i) ગિલો છકડાની દેખભાળ કેવી રીતે કરતો ? સમજાવો.

(ii) રાજીમા એકલપંડ કેમ છે ? અને તેમનું ડેલીબંધ ઘર શું સૂચવે છે ?

(iii) સર્વ જીવોને બચાવવા માટે અહિંસા, દયા, પર્યાવરણ-સંતુલનની દલીલો કરતાં રાણીની કઈ સમજ વધારે અસરકારક દલીલ કરી શકે છે ? અને રાણી ખારવાઓને હૃદયસ્પર્શી રીતે પોતાની વાત કરી શકી છે એમાં તેની ભત્રીજીને પાકિસ્તાનીઓ પકડી ગયા, એ વાતનો શો સંબંધ છે ?

(iv) ''બે પત્ર''માં ગગા એ સંબોધન કોના માટે છે ? માજી ઢોરાં સાથે બોલે, બાઝે પાછાં પંપાળે ! શા માટે ? એ ક્રિયાને લઘુકથાના છેલ્લા વાક્ય સાથે કશો સંબંધ ખરો ?

**5** નીચેનામાંથી ગમે તે **ત્રણ** પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં આપો : **6**

(i) ગિલાના કાકા અને તેમના દીકરા કાનાની વાર્તામાં શી ઉપયોગિતા છે ?

(ii) 'ઢોરાં' વાર્તામાં દીકરો ઢોરાં વેચીને નિરાંતે રહેવાનું શા માટે લખે છે ?

(iii) સાગર-કિનારે બેસીને ગોપાલ, રવિભા અને ચિત્રકાર શેની ચર્ચા કરે છે ? અને તે લોકો કોની પાસે મદદ માંગવા જાય છે ?

(iv) રાજીમા શા માટે શહેરમાં રહેવા જવા તૈયાર નથી ?

(v) વાર્તામાં ટેપ અને ટીવીની શી ભૂમિકા છે ? ટીવીમાં ડોહ્યા પોતાની જાતને જોવા ઇચ્છતા હતા, પણ છકડા સાથે ગિલાને એક મિનિટ જોઈનેય મગજ તરબતર કેમ થઈ ગયું ?

6 નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો : **10**

(i) બધી કળા આપણી પાસે નો હોય, એવું રવિભા કહે છે એમાં કઈ કળાની વાત નથી ?
   (A) સમજાવવાની
   (B) લોકોનો વિશ્વાસ જીતવાની
   (C) સામાની બોલી કે ભાષામાં બોલવાની
   (D) નાટક કે અભિનયની

(ii) દીકરા માજીને શહેરમાં બોલાવે ત્યારે માજી શું જવાબ લખાવતાં ?
   (A) શહેરમાં મને ફાવશે નહિ
   (B) ઢોરોનું કામ સંભાળનાર કોઈ નથી
   (C) ભોમકાની માયા મેલી નથી મેલાતી
   (D) ઢોરાં માજીની માયા મેલતાં નથી

(iii) ડોસાની આંખો ફાટી રહી, કારણ કે ..........
   (A) ડોસાએ ગિલાના કમકમાટીભર્યા મોતના સમાચાર સાંભળ્યા.
   (B) ડોસાએ આટલા પૈસા ક્યારેય જોયા ન હતા.
   (C) કાનાએ ચૂનાબંધ મકાન બનાવી લીધું.
   (D) ગિલો ઘરે રંગીન ટી.વી. લઈ આવ્યો.

(iv) નીચેમાંનું કયું વાક્ય ગિલાની બેફિકરાઈને સૌથી વધારે ચોટદાર રીતે રજૂ કરે છે ?
   (A) પણ સાંભળે એ બીજા, વેગ થંભાવે એ બીજા, છકડો નહિ.
   (B) ગિલો આવ્યા ભેગો ઉપડે, બે પેસેંજર ઓછા હોય તોય હાંકી મૂકે.
   (C) પણ ગિલો જેનું નામ, થોંભાલાય એ ગિલો નહિ.
   (D) જોનારા કહે છે કે છકડા ચાલકે છકડાનું હેન્ડલ છોડી દીધું હોત તો એ પણ બચી ગયો હોત.

(v) બેટનું ડીઝલ જેમાં ભરી લવાય તે બેરલ કેવું હોય ?
   (A) ચોરસ (B) નળાકાર
   (C) ત્રિકોણ (D) લંબચોરસ

(vi) કવિએ પોતાના શરીરને ડમણી સાથે સરખાવી છે કારણ કે ..........
   (A) જીવનની યાત્રાને ડમણીની જેમ નિરાંતે ધીમે ધીમે પસાર કરી છે.
   (B) પોતે ખૂબ ગરીબ અને તુચ્છ માણસ છે.
   (C) પોતે દીનતા અનુભવે છે.
   (D) શરીરનો 'છકડા'ની જેમ ઉપયોગ કર્યો છે માટે.

(vii) યુદ્ધ થાક્યા જગતને કિનારે આ શબ્દ કોના કાને પડ્યો હતો ?
   (A) ઉમાશંકર જોશીના (B) ગાંધીજીના
   (C) સરદાર પટેલના (D) ઈન્દિરા ગાંધીના

(viii) 'જેને ઉમાપતિ આરાધે છે' એટલે ..........
(A) જેની ઉમયા અથવા ઉમાપતિ એવા શંકર પૂજા કરે છે.
(B) જેની ઉમયા અથવા માયાપતિ ઈશ્વર પણ પૂજા કરે છે.
(C) જેની સીતાપતિ એટલે રામ પણ પૂજા કરે છે.
(D) જેની નિશાપતિ એટલે ચંદ્ર પણ પૂજા કરે છે.

(ix) 'ષટ્દર્શન ખોળ્યો ન લાધેરે' એટલે ..........
(A) છ વખત જોવાથી જ મળે નહીં તેવો
(B) છ વખત દર્શન કરવા છતાં જે મળે નહીં તેવો
(C) દર્શન નામના છ માણસોથી પણ શોધી ન શકાય તેવો
(D) ન્યાય, વૈશેષિક, મીમાંસા, સાંખ્ય વગેરે છ વૈદિક દર્શનથી પણ જેને જાણી શકાયો નથી તેવો

(x) 'ચતુર્ભુજ'માં કયો સમાસ છે ?
(A) બહુવ્રીહિ (B) દ્વિગુ
(C) દ્વન્દ્વ (D) કર્મધારય

## વિભાગ - 2

7 નીચે આપેલા ફકરાનું એક તૃતીયાંશ સંક્ષેપીકરણ કરો : **10**

(1) વિદ્યાર્થીનું પ્રથમ કર્ત્તવ્ય પોતાના મગજને સ્વતંત્ર રાખવાનું છે. પરિપૂર્ણ સ્વતંત્રતાનો સૌથી વધુ અધિકાર વિદ્યાર્થીનો છે. શ્રદ્ધા વિના વિદ્યા સંભવિત નથી. જ્ઞાનનો આરંભ શ્રદ્ધાથી થાય છે, પરંતુ પરિસમાપ્તિ સ્વચિંતનથી થાય છે. વિદ્યાર્થીનું બીજું કર્ત્તવ્ય જાત પર કાબૂ રાખવાનું છે. જો વિદ્યાર્થી સત્ય, સંકલ્પ કરતો થઈ જાય તો વિશ્વની કોઈ પણ તાકાત તેને અટકાવી શકે નહિ. ત્રીજું કર્ત્તવ્ય સેવાભાવનું છે. સેવા વિના જ્ઞાન નથી. મહાભારતના યજ્ઞપર્વમાં વૃદ્ધોની સેવા કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે, તે પ્રકારની કથા છે. વિદ્યાર્થીનું ચોથું કર્ત્તવ્ય સાવધાન રહેવું તે છે. દુનિયાની તમામ બાબતોનું તટસ્થ બુદ્ધિથી અવલોકન કરવું જોઈએ. બુદ્ધિ સંકુચિત ન જોઈએ અને દિલ તથા દિમાગ વિશાળ કરવાં જોઈએ.

**અથવા**

(2) કાળાં નાણાંના જથ્થામાં અને પ્રમાણમાં વધારો થતો રહ્યો છે અને એ હજીય આગળ વધતો રહ્યો છે એ હકીકતનું સમર્થન કરવામાં આવ્યું છે. કાળાં નાણાંનો આંકડો ૩૭,૦૦૦ કરોડ પર પહોંચ્યો છે એટલે કે કુલ રાષ્ટ્રીય ઉત્પાદનના પાંચમા ભાગથી પણ વધુ તેનું પ્રમાણ જણાયું છે. કરચોરી એનું પ્રધાન કારણ છે. કાળાં નાણાંનો પંચોતેર ટકા જેટલો હિસ્સો કરચોરીને આભારી છે.

બે નંબરના નાણાંનાં સર્જન માટે અનેક કારણો પૈકી કરવેરાનું પ્રવર્તમાન માળખું, વ્યાપક અને જટિલ આર્થિક નિયંત્રણો, સરકારી તંત્ર સહિત જાહેરસાહસોના અંધાધૂંધ ખર્ચા, ફુગાવો, નિષ્ઠાનું અવમૂલ્યન, કરચોરી અટકાવવાના ઉપાયોના અમલની બિનઅસરકારકતા વગેરેને મહદ્અંશે ગણાવવામાં આવ્યા છે. કાળાં નાણાંનું સર્જન કરનારા વિવિધ ક્ષેત્રો પૈકી સ્થાવર મિલકતોનાં ખરીદ-વેચાણ, મોટાપાયા પરનાં ઉત્પાદન ક્ષેત્રો, ચલચિત્ર ઉદ્યોગ, દાણચોરી, બાંધકામ પ્રવૃત્તિઓ, વ્યાવસાયિક સેવા પ્રવૃત્તિઓ ઈત્યાદિ પ્રમુખ છે.

FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

## વિભાગ - 3

**8** નીચેના પ્રશ્નોમાંથી ગમે તે **ચાર** પ્રશ્નોના જવાબ લખો : **16**

(1) લગ્નની સમજૂતી માટે કોણે કેટલી કલમો નક્કી કરી ? કઈ-કઈ ?

(2) બા કેવી બાધા રાખતાં ?

(3) નાની ઉંમરે છોકરા પર ઘરની અને નાના ભાઈ-બહેનોની જવાબદારી આવી જવાથી લેખકના મતે કેવો લાભ-ગેરલાભ થયો ?

(4) પિતાજીની નોકરી ગયાની ખબર બાને પડતાં બાએ શું કર્યું ?

(5) સ્ત્રીઓ નોકરી કરે એ બાબતે લેખક અને બાની વિચારસરણીમાં શું ભેદ જોવા મળે છે ?

(6) પ્રમોદબાનો સ્વમાનનો ખ્યાલ બહુ ઊંચો હતો, એવું શા પરથી કહી શકાય ?

**9** નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણ** પ્રશ્નોના જવાબો એક-બે વાક્યોમાં આપો : **6**

(1) કયા ગુણો વિકસ્યા હોવાને કારણે પ્રમોદબા જીવનમાં હારી ગયેલી બાજી પણ જીતી ગયાં ?

(2) બા ઉછરંગકાકાનો ઉપકાર કેમ ભૂલ્યાં નહીં ?

(3) બાએ કઈ બે વસ્તુઓ ખરીદવામાં ક્યારેય વિરોધ કર્યો નથી ?

(4) મોટા કુટુંબમાં રાતના જમ્યા પછીનો સમય બધાએ શા માટે સાથે પસાર કરવો જોઈએ ?

(5) મહત્ત્વાકાંક્ષી માણસે શેની તાલીમ સૌ પ્રથમ મેળવવી જોઈએ ? શા માટે ?

**10** નીચેના પ્રશ્નોના ઉત્તર માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો : **10**

(1) ડૉક્ટર વડોદરામાં પત્નીના મૃત્યુ પહેલાં કોના સંપર્કમાં આવેલા ?

(A) શ્રી અરવિંદના (B) રંગ અવધૂતના

(C) ગંગેધરાનંદજીના (D) સ્વામી વિવેકાનંદના

(2) બા અને પિતાજી વચ્ચે કેટલા વર્ષનો ગાળો હતો ?

(A) બે વર્ષનો (B) દસ વર્ષનો

(C) ચાર વર્ષનો (D) ચૌદ વર્ષનો

(3) તપોધન કોને કહીશું ?

(A) ઋષિમુનિને (B) શિવજીના મંદિરમાં સેવા કરનારને

(C) દેરાસરમાં સેવા કરનારને (D) મંદિરના ટ્રસ્ટીને

(4) છોકરીઓને કેળવવા માટે બા કોનું ઉદાહરણ આપતાં ?

(A) ચંદનનું (B) કુમળા ફૂલનું

(C) ઘઉંનું (D) રોટલીના લોટનું



www.FirstRanker.com

(5) નોકરી ન હતી ત્યારે મિત્રની મદદથી બાપુજીએ કયું કામ સ્વીકાર્યું ?
(A) મિલ-મજૂરનું (B) શૅરબજારનું
(C) વીમા એજન્ટનું (D) મકાન-જમીનની દલાલીનું

(6) 'કવિ સંમેલન' એટલે શું ?
(A) સંગીત સાથે કવિતાઓ રજૂ થાય
(B) કવિઓ સ્ટેજ પર પોતાની કવિતા રજૂ કરે
(C) સંગીત સાથે કવિતાઓ ગવાતી હોય
(D) ફક્ત કવિતાની તરજો જ સંભળાય

(7) નીચેની કાવ્યપંક્તિ પૂર્ણ કરો :
''ગોળ વિના મોળો કંસાર ..............''
(A) દાદા વિના સૂનો સંસાર (B) દાદી વિના સૂનો સંસાર
(C) પિતા વિના જુદો સંસાર (D) મા વિના સૂનો સંસાર

(8) 'સરમુખત્યારપણું' એટલે શું ?
(A) બધાનાં અભિપ્રાય લઈ એ મુજબ કામ કરવું.
(B) મહત્ત્વના એક-બે સભ્યોને વિશ્વાસમાં લઈ એમના અભિપ્રાય મુજબ કામ કરવું.
(C) ઘરમાં જે સૌથી મહત્ત્વનું વ્યક્તિ ગણાય તેના અભિપ્રાય મુજબ કામ કરવું.
(D) કોઈના અભિપ્રાય કે મતની પરવા કર્યા વિના પોતાને સાચું લાગે તે પ્રમાણે કામ કરવું.

(9) આખું કુટુંબ બાની મરજી પ્રમાણે જીવ્યું, એમ બા કહી શક્યાં, કારણ કે ...........
(A) બા સૌથી મોટાં હતાં એટલે તેમની મરજી ચાલતી
(B) બાનું પિયર પક્ષ સમાજમાં આગળ પડતું હતું એટલે બધાં તેમનું કહ્યું માનતા
(C) બાએ હંમેશાં પોતાનું સ્થાન છેલ્લું રાખ્યું
(D) બાએ પોતાનું સ્થાન પ્રથમ અને કેન્દ્રમાં રાખ્યું હતું

(10) મહાન થવાં કરતાં સામાન્ય થવું એ સ્ત્રી માટે કર્તવ્ય છે, એમ બા શા માટે માને છે ?
(A) સ્ત્રીઓમાં મહાન થવાની શક્તિ જ હોતી નથી.
(B) સ્ત્રીઓનો જન્મ ઉત્તમ સંતાનો ઉછેરવા માટે થયો છે, એવી તેમની માન્યતા છે.
(C) પુરુષો સ્ત્રીઓને મહાન થવા જ ન દે.
(D) સામાજિક વાતાવરણ જ એવું છે.

FirstRanker.com
Firstranker's choice
www.FirstRanker.com www.FirstRanker.com

## વિભાગ - 4

**11** નીચેનામાંથી ગમે તે **એક** વિષય પર ચારસો શબ્દોમાં નિબંધ લખો : **7**

(1) વાત્સલ્યમૂર્તિ મા

(2) ક્યાં લઈ જશે આ આતંકવાદ ?

(3) ભ્રષ્ટાચાર : રાષ્ટ્રવ્યાપી કેન્સર

(4) એક શિક્ષકની કારકિર્દી

**12** 'સ્વર્ણિમ ગુજરાત' મહોત્સવની ઉજવણીનો જાહેર કાર્યક્રમ તમે નિહાળ્યો. તેનો અહેવાલ તૈયાર કરી યોગ્ય શીર્ષક પણ આપો. **7**

**અથવા**

તમારી શાળામાં યોજાયેલ 'પુસ્તક મેળા' વિશે અહેવાલ તૈયાર કરી યોગ્ય શીર્ષક આપો.

**13** સૂચના મુજબ ઉત્તર આપો : **10**

(1) આજનો યુવા પાશ્ચાત્ય સંસ્કૃતિનું અંધાધૂંધ અનુકરણ કરે છે.
(વાક્યમાંથી અંગસાધક પ્રત્યય ઓળખાવો) **1**

(2) ગજાનન, કાજળકાળી, માનવસેવા
(કોઈ પણ **બે** શબ્દના સમાસ ઓળખાવો) **2**

(3) આંચ ન આવવી, ફૂંફાડો મારવો
(રૂઢિપ્રયોગનો અર્થ આપો) **1**

(4) મારો ભાઈ એન્જિનિયરિંગ કૉલેજ<u>માં</u> ગયો.
(રેખાંકિત શબ્દની વિભક્તિ ઓળખાવો) **1**

(5) અત્યારે એક પણ પંખી ઊડતું નથી કે ટહુકતું નથી.
(ઉપરોક્ત વાક્યમાં રહેલ સંયોજક ઓળખાવો) **1**

(6) બાપુજીને આંચકો લાગ્યો.
(વાક્યમાં ક્રિયા સૂચવાય છે કે પ્રક્રિયા) **1**

(7) ભાઈ-બહેનો વચ્ચે મા-બાપોએ સમાનતા આપવી જોઈએ.
(વાક્ય કર્તરિ છે કે કર્મણિ તે ઓળખાવો) **1**

(8) દરેકે પોતાની ભૂમિકા ઉત્તમ તરીકે ભજવવી.
(વાક્યનો પ્રકાર જણાવો.) **1**

(9) નાનપણમાં અમે પુષ્કળ ચાલતા ને કરકસરથી અને સાદગીથી રહેતા.
(વાક્યમાં વિશેષણ / ક્રિયાવિશેષણ ઓળખાવો.) **1**



www.FirstRanker.com